# <u>પ્રેસનોટ</u>

આજ તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ **MISCLLANEOUS CIVIL APPLICATION NO.979 OF 2019 IN WRIT PETITION (PIL) NO.170 OF 2017** ના કામે નામદાર હાઇકોર્ટ ખાતે મુદ્દત હોય જેમાં અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા **તા-૨૭/૦૨/૨૦૨૫ થી ૧૯/૦૩/૨૦૨૫** સુધી અમદાવાદ શહેરમાં ટ્રાફિક મેનેજમેન્ટ અને એનફોર્સમેન્ટની કામગીરીની વિગતો રજુ કરવામાં આવેલ જેમાં રોંગ સાઇડ, હેલમેટ વગર વાહન ચલાવવુ, ઓવર સ્પીડથી વાહન ચલાવવુ, શીટ બેલ્ટ વગર વાહન ચલાવવુ, ત્રણ સવારી બાઇક ચલાવવુ, ચાલુ વાહને મોબાઇલ ફોનનો ઉપયોગ કરવો, ટ્રાફિક સિગ્નલનો ભંગ કરવો, નો પાર્કિંગમાં વાહન પાર્ક કરવુ વિગેરે અલગ અલગ હેડના કુલ **૨,૦૧,૧૫૫** કેસો કરી કુલ રૂ. **૧૩,૨૧,૬૦,૬૫૦/-** નો દંડ કરવામાં આવેલ તેની વિગતો રજુ કરવામાં આવેલ આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમને સાથે રાખી પોલીસ દ્વારા રસ્તા પરના અડચણ રૂપ દબાણો જેવા કે, લારી, ગલ્લા, વિગેરે દુર કરવાની કામગીરી કરેલ જેની ફોટોગ્રાફ સહિતની વિગતો નામદાર હાઇકોર્ટ રૂબરૂ રજુ કરવામાં આવેલ. નામદાર હાઇકોર્ટ દ્વારા પોલીસની આ સરાહનીય કામગીરીની પ્રશંસા કરવામાં આવેલ અને આ કામગીરી સતત ચાલુ રહે તેવુ સુચન કરવામાં આવેલ.